ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



લીલાવતી ચિત્રસેન શાહ
સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, ફોન : ૨૩૨૬૦૫૮૨



વ્યોમ અમીન
સ્થાપક, સ્કાય ગૃપ, ગાંધીનગર
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦



મિનાક્ષી કૌશિકકુમાર શ્રીમાળી
મો. ૯૭૨૩૭ ૬૧૦૮૧



નમન મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૨૦૦૨ ૭૭૫૯૩



અમૃતા જેઠાભાઈ શ્રીમાળી
મો. ૮૪૮૮૯ ૩૮૬૯૫



ભાવિક અજીતકુમાર રાઠોડ
મો. ૭૬૦૦૪ ૮૯૧૧૧

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તાસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તાસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રીમતી આર જી પટેલ શાળા ‘આઈના’ અને ‘મૅગ્નેટ’માં ઝળકી

ગાંધીનગર, તા. ૧૯

બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા બીબીએ કૉલેજ ખાતે આઈના અને મૅગ્નેટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી અને શ્રીમતી ઍસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ-૧૧ આર્ટ્સ, કૉમર્સ અને વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમનું ઉદ્ઘાટન સવારે ૧૦ કલાકે કરવામાં આવ્યું, જેમાં ઍલડીઆરપી કૉલેજના વાઈસ ચાન્સેલર ડી ટી કાપડિયા, કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, બીબીએ કૉલેજના પ્રિન્સિપાલ રમાકાન્ત પૃષ્ટિ, શ્રીમતી આર જી કન્યા શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ અને ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

ભવ્ય ઉદ્ઘાટન બાદ વિવિધ રમતોની હરિફાઈ શરૂ થઈ હતી અને મૅગ્નેટ પ્રદર્શન ખુલ્લું મૂકાયું હતું. શાળાના આઈના પ્રોગ્રામ કન્વીનર હંસાબેન, મહેન્દ્રભાઈ અને નિશાબેને ધોરણ-૧૧ સાયન્સ પ્રવાહની તમામ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા અને પ્રદર્શન નિહાળવા માટે પ્રેરક પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ સ્પર્ધામાં શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની ૧૫૪ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ૩૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું. મહેંદી સ્પર્ધામાં ૩૩, ક્વિઝમાં ૧૬, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં ૭, રંગોળી, ડિબેટમાં ૩, સુલેખન સ્પર્ધામાં ૮૪, ફેઈસ પેઈન્ટિંગ સ્પર્ધામાં ૪, અને ઈલોક્યુશન સ્પર્ધામાં શાળાની ૧ વિદ્યાર્થીનીએ ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં અમી એન પટેલ, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં સેજલ આર પવાર, હર્ષુતી એસ જોષી, વક્તૃત્ત્વ સ્પર્ધામાં માનસી પટેલ, આરાધના ગામીત અને ગેઈમમાં ભક્તિ રામાનુજે ઈનામો પ્રાપ્ત કર્યા હતાં. ઉલ્લેખનીય છે કે મૅગ્નેટના મુખ્ય ૧૦ વિભાગો અને તેના પેટા વિભાગોમાં શાળાનાં આચાર્ય સુધાબેન પી પટેલે નિર્ણાયક તરીકે પોતાની સેવાઓ આપી હતી.



ગુજરાત વિધાનસભામાં આવેલા પોડિયમમાં શ્રી દરબારસાહેબ ગોપાળદાસ દેસાઈની ૧૩૦મી જન્મજયંતિ નિમિત્તે તેમના તૈલચિત્રને આજે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના સચિવ ડી.એમ.પટેલ, નાયબ સચિવ પ્રદિપ મોદી તેમજ અધિકારી/કર્મચારીઓ સહિત શ્રી જે. એમ. ચૌધરી હાઈસ્કૂલ, ગાંધીનગરની ૩૬૨ વિદ્યાર્થીનીઓ અને ૧૪ જેટલી શિક્ષિકાઓએ ઉપસ્થિત રહીને શ્રી દરબાર સાહેબના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

# માનવ સેવા સંઘ દ્વારા ૪૦ વર્ષ પૂર્ણ થયાની ભવ્ય ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

માનવ સેવા સંઘ વર્ષ ૧૯૭૬માં સ્વર્ગસ્થ સુંદરજી ચૌધરી અને તેમના જેવા સમાન વિચાર ધરાવતા સજ્જનો-વમત્રોએ સમાજસેવા માટેમાનવ સેવા સંઘ નામથી ટ્રસ્ટની નોંધણી કરાવી હતી.ત્યારથી આ સમાજસેવારૂપી યજ્ઞ હાલમાં પણ કાર્યરત છે. આ માનવ સેવા સંઘ તેના ૪૦ વર્ષ પૂરા થયે ઉજવણી કરી રહેલ છે. જેનો સમારંભ ૧૮ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ આનંદ નિકેતન, ભાડજ કેમ્પસ, ભાડજ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં રાજ્યના ગવર્નર શ્રી ઓ પી કોહલી મુખ્ય અતિથિ તરીકે અને આઈએએસ અધિકારી અનિલ મુકીમ, ચીમનભાઈ અગ્રવાલ તથા એચ આર ભરૂચા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે આ પ્રસંગે ડો. ઓમપ્રકાશ મોદી, મહાવીરપ્રસાદ તોડી, કમલ મંગલ, શિવકુમાર ચૌધરી, રઘુવીરપ્રસાદ મોદી, સંજય અગ્રવાલ, શંકરલાલ અગ્રવાલ તથા શ્યામ તિબરવાલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માનવ સેવા સંઘની હાલની કામગીરી ૧) કોમ્યુનિટી સેન્ટર- ધાંસીરામ ચૌધરી ભવન (રાજસ્થાન હોસ્સપટલ સામે,શાહહર્બા, અમદાવાદ) ૧૫ એસી રૂમ(એટેચ ટેઈલેટ સાથે), રસોડ ,ડાઈનહ્ન હોલ, ટેરેસ હોલ,મીની હોલ,એસી બેન્કવેટ હોલ, વેવિશાળ હોલ(૮૦૦ વ્યહકત ક્ષમતા), પાહર્કિંની પર તી જગ્યા, લીફટ, સોલાર વોટર હહટર અનેવોટર ટેન્જ જેવી તમામ સર્વ્ડો ધરાવેછે. ૨)હેલ્થકેર-લાયોનેસ કર્ણાવતી આઈ એન્ડ ડેન્ટલ હોસ્પિટલ (ગોલ્ડનટ્રાયેન્ગલ, બીજો માળ, એસપી સ્ટેહડયમ સામે, અમદાવાદ-૧૪) ૧૯૯૩માં હોસ્સપટલ વરીષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીના હસ્તેશરૂ કરવામાં આવી હતી.શહેરની સારી અનેમોટી હોસ્સપટલની જેમ જ અહીં ફેકો ટેકનોલોજીથી કેટરેક સર્જરી કરવામાં આવે છે.

# અમદાવાદ હાફ મૅરેથોનમાં શહેરના રનર્સનો દેખાવ પ્રશંસનીય રહ્યો



ગાંધીનગર, તા. ૧૯

રવિવારે સવારે અમદાવાદમાં યોજાયેલી હાફ મૅરેથોનમાં ગાંધીનગર રનર્સ ગૃપ, જીથ્રી સાઈકલ ક્લબના સભ્યો સહિત અનેક દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લઈને ફિનીશરનો મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

હાફ મૅરેથોનમાં હજાર તથા દસ અને પાંચ કિમી રનમાં પાંચ હજાર સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગાંધીનગર રનર્સ ગૃપના ડૉ. ગુંજન જૈન, વિરલ પટેલ, ડૉ. રમેશ તટ્ટુ, સંજય થોરાત, જગત કારાણી, રાજવીર ચાવડા, દુર્ગેશ પંચાલ, ડૉ. ચૈતન્ય શુક્લ, મયુર થાનકી, ડૉ. પ્રણવ જોષીપુરા, બીજુ પિલ્લાઈ, દિલીપ શર્મા, સુકેતુ દેવ, ભરત પટેલ, દેવાંગ ચંદ્રાત્રે, ફાલ્ગુની ડોડિયા, પ્રદીપ ગેહલોત, હરિશચંદ્ર, અનોમિત્રાદાસ, જીથ્રી સાઈકલ ક્લબનાં પ્રિતી સોનવણે, પિન્કી જ્હા, દિગંબર પાંડે, કમલેશ બારોટ, કાવ્યા તિવારી વગેરેએ ભાગ લઈને ફિનીશરનો મૅડલ મેળવ્યો હતો.

ગાંધીનગરના જાણીતા ડૉ. અસીમ શાહ પોતાના પરિવાર સાથે ભાગ લેવા આવ્યા હતા તો ડૉ. જયદીપ ગઢવી પત્ની નેહલ સાથે આ દોડ લગાવી હતી.



સૅક્ટર-૬માં કાર્યરત સરસ્વતી વિદ્યાલયના ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓનો વેશભૂષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં બાળકોએ વિવિધ વેશભૂષા રજૂ કરી હતી. બાળકો ડૉક્ટર, સૈનિક, પરી, પોલીસ, ફુગ્ગાવાળો, બૅન્ક મૅનેજર, ઝાંસીની રાણી, રાધા-કૃષ્ણ, શાંતા ક્લોઝ વગેરે વેશભૂષામાં સજ્જ થઈને આવ્યાં હતાં અને તેમણે પોતાના પાત્રને અનુરૂપ અવતરણોનું ઉચ્ચારણ પણ કર્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિવિધ ઐતિહાસિક પાત્રોની પૃષ્ઠભૂમિ અને તેમના મહત્ત્વ વિશે સમજ આપી હતી. આ સફળ કાર્યક્રમ બદલ આચાર્ય તરફથી આયોજક શિક્ષકો અને ભાગ લેનારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

પિતાએ નવો સ્માર્ટ ફોન લીધો, ઉપયોગ શરૂ કરતાં જ યુવાન પુત્રને મૅસેજ કર્યો - મને બે-ત્રણ નવી જોક મોકલ. પુત્રનો મૅસેજ આવ્યો - ‘ડૅડી ! હું સ્ટડીમાં બિઝી છું.’ પિતાએ સામે મૅસેજ મોકલ્યો - ‘નાઈસ ! બીજો મોકલ.’

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

# જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે નવચેતના શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ તથા ધ આર્ટ ઑફ લિવિંગના સંયુક્ત ઉપક્રમે શ્રી આર ઍસ ચૌધરી કન્યા છાત્રાલયમાં નવચેતના શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ધોરણ-૯થી ધોરણ-૧૨ની ૫૮૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આર્ટ ઑફ લિવિંગ વતી કુસુમબેન, શીતલબેન, દિવ્યાબેને દરેક ધોરણમાં ચાર દિવસ વાયુ, અગ્નિ, જળ અને આકાશરૂપી તત્ત્વોની આપણા શરીર ઉપર અસર, મહત્ત્વ તથા ધ્યાન, યોગ અને પ્રાણાયામનું મહત્ત્વ સમજાવ્યું. આ અંગેની યોગ્ય પધ્ધતિ શીખવી. શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી તથા છાત્રાલયનાં મુખ્ય સંચાલિકા ચેતનાબેને સમગ્ર શિબિરનું આયોજન કર્યું હતું.

# જીવન એટલે ભૂલોથી સજેલો સુંદર બગીચો





મથાળુ જોઈને ચોંકી ગયાને...? મેં ખોટો નિર્ણય લીધો, અથવા મારી આ ભૂલ થઈ ગઈ છે એવા સ્વીકારમાં સૌથી વધારે સામર્થ્ય છે. ખોટા નિર્ણયો અને ભૂલો એ તો જીવનનો સૌથી મહત્વનો તબક્કો છે. શું તમે કોઈ ભૂલ જ ન કરો ? શું તમારા દરેક કાર્યો સો ટકા પરિણામલક્ષી જ હોય ? જો તમે આમ માનતા હોવ તો તમારૂ જીવન કોઈ ખોટા માર્ગે પૂરપાટ ગતિએ હંકારાઈ રહ્યું છે.

ભૂલો અને ખોટા નિર્ણયોનો સ્વીકાર અને આગળ વધવાનો પડકાર એ જ તો જીવનનું સાચું સ્મિત છે. ખોટા પડવાનો ભય અને ભૂલ થવાની ભીતીના કારણે કોઈ જોખમ જ ન લેવાય અને પાછા વળી જવાય તો અનાથી મોટી દુર્બળતા અને નિર્માલ્યતા બીજી કઈ હોઈ શકે ? જિંદગીને ‘હા’ કહેવાની તાકાત બરકરાર તો જ રહે જો ભુલોનો ભય ન રહે. મલ્ટી સ્પેશ્યાલિસ્ટ કોર્પોરેટ હોસ્પિટલના સીઈઓ મિત્રએ એકવાર કહ્યું કે, ‘મારે ડોક્ટર બનવું હતું પણ એચ.એસ.સી.ના વર્ષે મેં ફિલ્મો અને વર્લ્ડ કપ જોવામાં સમય બગાડ્યો એ મારી મોટી ભૂલ હતી. મને ૭૮ ટકા જ આવ્યા. પિતાજી ડોનેશન આપી મને મેડિકલમાં મોકલી શકે એવી આર્થિક સ્થિતિ પણ ન હતી. આ ભૂલના પરિણામે હું ડૉકટર તો ન બની શક્યો પણ તબીબી ક્ષેત્રે સેવા આપવાની અદમ્ય ઈચ્છાને ફળીભૂત કરવા મેનેજમેન્ટનો અભ્યાસ કરાવતી પ્રતિષ્ઠિત આઈઆઈએમમાંથી એમ.બી.એ. કરીને વરિષ્ઠ ડૉકટરો સાથે બેસીને તબીબી સેવાઓમાં વહીવટકર્તા તરીકેની કારકિર્દી બનાવી.

એક ભૂલ-ખોટો નિર્ણય એક દ્વાર બંધ કરે અને બીજા અનેક દ્વાર ખોલે છે. જીવનમાં આગળ વધવાની તમન્ના અને વિચારના પાયામાં ભુલોના ભંડારો હોય છે. હંમેશા પોતાની ભૂલોથી ‘અપડેટ’ થતા રહેવું પડે. ભુલની ભયંકરતા અને વિકરાળતા સામે મોં વકાસીને પાછા વળવાનું મન થાય તો એ આફતને સીધે સીધું આમંત્રણ છે.

જીવન તો ભૂલભુલામણીઓનો બગીચો છે. આ વાતને દિલથી સમજી લેવી પડે પછી હાર-જીત ગૌણ બની જાય. જો કોઈ એમ કહેતો હોય કે, એણે જીવનમાં ભૂલો જ કરી નથી તો એ માણસ સદંતર ખોટો છે અથવા જો એ ખરેખર સાચો હોય તો એણે જીવનમાં કશું નવું કરવાનો અખતરો જ નથી કર્યો.

મારા એક મિત્રએ એના ટેબલ ઉપર સરસ મજાનું સુત્ર લેમિનેટ કરાવી નેઈમપ્લેટની જેમ મૂક્યું છે. ‘‘સોરી, બટ આઈ એમ નોટ પરફેક્ટ...’’ મતબલ, માફ કરશો હું સંપૂર્ણ નથી. હું ભૂલો કરું છું. મારાથી ખોટા નિર્ણયો ક્યારેક લેવાઈ જાય છે. જ્યાં અપૂર્ણતા છે ત્યાં પૂર્ણતા પ્રતિ ગતિ હોય છે. જ્યાં પૂર્ણતા છે ત્યાં ગતિ નથી, સ્થગિતતા છે. પૂર્ણતા સુધી પહોંચવા અપૂર્ણ હોવાનો અહેસાસ અગત્યનો છે. અને એ અહેસાસનો હૃદયપૂર્વકનો સ્વીકાર પૂર્ણતા તરફની દોડની શરૂઆત છે.

ભૂલો થાય. ખોટા નિર્ણયો લેવાય. ક્યારેક પછડાટ ખાવી પડે. પણ સજ્જતા રાખવી જોઈએ. હા, એક વાર થયેલી ભૂલ ફરી ફરી તો ન જ થાય. અને જો એમ થાય તો નિઃસંદેહપણે જાગૃતિનો અભાવ છે. નવી ભૂલો માટે હરહંમેશ તૈયાર રહેવું પડે. માણસ માત્ર ભૂલને પાત્ર. કવિ મિત્ર ભાવેશ ભટ્ટનો એક શેર મને બહુ ગમે છે.

‘સદાય એક સમો થનગનાટ ના પણ હોય,
હવાની ચાલ બધે સડસડાટ ના પણ હોય.’

કેટલી સરસ વાત કરી છે. જીવનમાં હંમેશા બધુ સમુસુથરું અને સર્વગુણ સંપન્ન રીતે ન જ થાય. ક્યાંક કોઈ ભૂલ, પછડાટ કે ખોટો માર્ગ પણ પસંદ થઈ જાય. પણ આવશ્યકતા છે, આ ભૂલની સમયસર સમજ પડે અને નવા માર્ગે ચાલવાની નહીં, દોડવાની સમજ પડે. ભુલોને આમંત્રણ ન અપાય પણ ભૂલને કારણે આવી પડેલી મુશ્કેલીને મહેફિલ પલટી નાખીએ એ જ તો જીવનની ખરેખરી મોજ છે.

જીવનમાં કશુ સ્થાયી કે સ્થિર હોતું નથી. જિંદગી એટલે જ વિજય અને પરાજય, ચડતી અને પડતી, અંધકાર અને ઉજાશ. ખોટો નિર્ણય લેવાય તો ય ભલે એમાંથી પદાર્થપાઠ લઈ વધુ વેગથી બીજા રસ્તે દોડશું એવો વિશ્વાસ જોઈએ. ઊંચા ઝાડની સૌથી ઊંચી ડાળી ઉપર બેઠેલા પક્ષીને જોરથી વહેતા પવનને કારણે ઝોલા ખાતી ડાળી ઉપરથી પડી જવાનો ભય નથી. પંખીને પવન અને ડાળીના હલવાના ખોફ કરતાં તેની પાંખોની તાકાત ઉપર વધુ ભરોસો હોય છે. ભૂલોથી ભાંગી પડવાના ભય કરતાં ભૂલોમાંથી શીખ મેળવી બમણી તાકાતથી આગળ વધવાની સ્વયંની તાકાત ઉપર વધુ વિશ્વાસ હોવો જોઈએ.

સામાન્ય રીતે લોકો ભૂલોને કારણે ઊભા થનાર પ્રશ્નોથી ઝટ ગભરાઈ જતા હોય છે. એ લોકો જીવનમાં કોઈ પ્રશ્ન જ ઊભા ન થાય અને જીવન સરળતાથી ચાલ્યા કરે એવી આગોતરી વ્યવસ્થામાં જ સતત રચ્યા પચ્યા રહેતા હોય છે. આવા લોકો જોખમ ઉઠાવવાની હિંમત ખોઈ બેસે છે.

જીવન તો વહેતી નદી જેવું છે એમાં તણખલા, માટી, રોડા વગેરે સાથે સાથે વહેતાં હોય. ભૂલો જે સમજે અને સ્વીકારે એનો ઝડપથી આપોઆપ વિકાસ થાય. નવો આત્મવિશ્વાસ ઊભો થાય. ભૂલોના ભયથી તે મુક્ત થાય. વ્યક્તિ અંદરથી મજબુત બને. મનમાં ગજબની શાંતિ અનુભવે. ભૂલોથી ભયભીત બની હાંફળા-ફાંફળા બની અદ્ધર જીવે, આમતેમ દોડાદોડ કરવાની એની માનસિક અવસ્થા જ બદલાઈ જાય.

જીવનના લક્ષ્ય પ્રાપ્તિમાં થતી ભૂલોનો સત્કાર થાય. પ્રગતિના નવતર દ્વારનો આહલાદ મળે એવી મનઃસ્થિતિનું નિર્માણ એ ઉત્તમ અવસ્થા કહેવાય. પ્રગતિના રાજમાર્ગની પૃષ્ઠભૂમિ ઉપર મજબૂત ડગના મંડાણ માટે તૈયાર થઈ જાવ... વટથી કહો, ‘હા, હું ભૂલો કરૂ છું.’

**ધબકાર**

માણસ પોતાની ભૂલને કારણે જેટલો દુઃખી નથી થતો એના કરતાં થયેલી ભૂલને વારંવાર વાગોળીને વધુ દુઃખી થાય છે.

